રજૂ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૩/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૨૦/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૮.
આંક : .

**મે. સુરતના પાંચમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી પરચુરણ અરજી નંબર :૧૮૭ /૨૦૨૬.**

**અરજદાર :–** **સમીઉર રહેમાન મતીઉર રહેમાન,**
રહેવાસી : ઘર નં. ૪/એ, હાઉસીંગ યુનીટ,
મનીકામપલ્લયમ, તામિલનાડુ–૬૩૮ ૦૦૪.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **જામીન અરજીની શરતમાં ફેરફાર કરવા બાબત...**

==================================================

**અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એમ.સી. મિશ્રા.**

**સામાવાળા તરફે વિ. એ.પી.પી. શ્રી એન. એચ. પટેલ.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) અરજીની હકીકત જોઇએ તો એ મુજબની છે કે, બારડોલી પોલિસ સ્ટેશન ભાગ "એ" ગુના રજિ. નંબર : ૧૧૨૧૪૦૦૮૨૫–૧૦૬૭/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૦૬ મુજબનો ગુનો કામે અરજદારને નામ. કોર્ટ દ્વારા ફોજદારી પરચુરણ આગોતરા જામીન અરજી નંબર : ૮૮૧/૨૦૨૫ ના કામે શરતોને આધિન જામીન ઉપર મુકત કરવામાં આવેલા, જે હુકમની શરત નંબર : ૧ માં ફેરફાર કરવા માટે અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) હાલની અરજી સંદર્ભે અરજદારના વિ. વકીલ શ્રી કે. યુ. મિસ્ત્રીની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, હાલના અરજદારને આગોતરા જામીન અરજી નંબર : ૮૮૧/૨૦૨૫ ના કામે આ કોર્ટ દ્વારા શરતોને આધિન જામીન ઉપર મુકત કરતો હુકમ કરવામાં આવેલ. સદર જામીન અરજીના કામે ફરમાવવામાં આવેલ તમામ શરતોનું હાલના અરજદાર ચુસ્તપણે પાલન કરતાં આવેલા છે. કોર્ટે શરત નંબર : ૧ એ મુજબની ફરમાવેલ કે, "The Applicant shall not leave State Of Gujarat Without Prior Permission Of The Ld. Trial Court". અરજદારે ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં. ઉપરોકત શરતમાં ફેરફાર કરવા માટે અરજદાર દ્વારા હાલની અરજી કરવામાં આવેલ છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે, હાલના અરજદારની નોકરી તામિલનાડુ મુકામે ચાલતી હોય, તેમજ તેમના પરિવારના સભ્યો પણ તામિલનાડુ મુકામે રહેતા હોય જેઓની જવાબદારી અરજદારની છે. જ્યારે અરજદારની તાત્કાલ જરૂર હોય ત્યારે નામ. કોર્ટમાંથી પરવાનગી લેવાની પ્રક્રિયામાં સમય નીકળી જાય તેમ હોય અને સુરત શહેરથી તામિલનાડુ જવામાં આશરે ૨ દિવસનો સમય નીકળી જાય તેમ હોય. જેથી માનવતાના ધોરણે સદર શરતને મોડીફાઇ કરી " The Applicant shall not leave State Of Gujarat Without Prior Permission Of The Ld. Trial Court" ની જગ્યાએ " The Accused shall not leave India Without Prior Permission Of The Court" કરવા ન્યાયના હિતમાં હાલની અરજી મંજૂર કરવા અરજ કરેલ છે.

(૩) સામાવાળા સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એન. એચ. પટેલે દલીલ કરેલ છે કે, અરજદાર સામેના આક્ષેપો તથા તેઓની ગુનાના કામની ભૂમિકાને ધ્યાને રાખી નામ. કોર્ટ દ્વારા શરતો લાદવામાં આવેલ છે, જેથી તેમાં કોઇ ફેરફાર કરવાની આવશ્યકતા જણાતી નથી. આમ, ઉપરોકત હકીકતો જણાવી હાલની અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૪) બંને પક્ષકારોની દલીલો સાંભળી. અરજી સાથે રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધાં. તપાસનીશ અધિકારીનો અભિપ્રાય

વંચાણે લીધો.

(૫) સદર ગુનાના કામે અરજદારને આ કોર્ટે ફોજદારી પરચુરણ આગોતરા જામીન અરજી નંબર : ૮૮૧/૨૦૨૫ ના કામે શરતોને આધિન જામીન ઉપર મુકત કરવામાં આવેલા છે, જે હુકમમાં શરત નંબર : ૧ એ મુજબની ફરમાવેલ કે, અરજદારે ટ્રાયલ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં. અરજીમાં જણાવ્યા મુજબ હાલના અરજદારની નોકરી તામિલનાડુ મુકામે ચાલતી હોય, તેમજ તેમના પરીવારના સભ્યો પણ તામિલનાડુ મુકામે રહેતા હોય જેઓની જવાબદારી અરજદારની છે. જ્યારે અરજદારને તત્કાલ જરૂર હોય ત્યારે કોર્ટમાંથી પરવાનગી લેવાની પ્રક્રિયામાં સમય નીકળી જાય તેમ હોય અને સુરત શહેરથી તામિલનાડુ જવામાં આશરે ૨ દિવસનો સમય નીકળી જાય તેમ હોય અરજદારની રજૂઆત માની શકાય તેમ છે. વધુમાં આ કામે આરોપી સામે ચાર્જશીટ રજૂ થઇ જતાં તે ફોજદારી કેસ નંબર : ૯૦/૨૦૨૬ થી રજીસ્ટર થયેલ છે. કોર્ટે અરજદારને જામીન ઉપર મુકત કરતાં સમયે ફરમાવેલ શરતો પૈકી કોઇ શરતનો અરજદારે ભંગ કર્યો હોય તેવી આ કામે કોઇ રજૂઆત નથી. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને લેતાં આગોતરા જામીન અરજી નંબર : ૮૮૧/૨૦૨૫ ના હુકમમાં ફરમાવવામાં આવેલ શરત નં.૧ માં ફેરફાર કરવાનું યોગ્ય અને ન્યાયોચિત જણાય છે, તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) અરજદાર/આરોપી સમીઉર રહેમાન મતીઉર રહેમાનની ફોજદારી પરચુરણ અરજી નંબર : ૧૮૭/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) બારડોલી પોલિસ સ્ટેશન ભાગ "એ" ગુના રજી. નંબર : ૧૧૨૧૪૦૦૮૨૫૧૦૬૭/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૦૬ મુજબના ગુનાના કામે આ કોર્ટે ફોજદારી આગોતરા જામીન અરજી નંબર : ૮૮૧/૨૦૨૫ ના કામે ફરમાવેલ શરતો પૈકી શરત નંબર : ૧ માં "અરજદારે

ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં." એ મુજબનો સુધારો કરવામાં આવે છે અને અરજદારે આગોતરા જામીન અરજીના હુકમની અન્ય શરતોનું પાલન કરવાનું રહેશે.

આ હુકમની યાદી સંબંધિત પોલિસ સ્ટેશનમાં તથા સંબંધિત વિ. મેજિસ્ટ્રેટશ્રીની કોર્ટમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૨૦ મી, **માહે :** માર્ચ, **સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૦/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( નરેશકુમાર રોશનલાલ જૈન)**
પાંચમા એડીશ્નલ સેશન્સ જજ, સુરત,
મુકામ : બારડોલી, જિલ્લો : સુરત.
U.I. CODE– GJ00582